## –: રોઝએ મુરતઝવીયાહ અલવીયાહની તાઅમીરની તારીખ :–

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની શહાદત બાદ આપની નમાઝે જનાઝા ઇમામ હસન (અ.સ.) ને સાત તકબીરા સાથે પઢી અને રાતની તારીકીમાં આપને કુફાની દારૂલઇમારતને નઝદીક તે જગામાં સિપુર્દે ખાક કરવામાં આવા કે જે ઝમીનનો ટુકડો વાદીયુસ્સલામથી મિલેલો છે અને જે "નજફ" નામથી મશહૂરો માઅરૂફ છે. આ રિવાયત દાઅવતે હાદીયાની તેમજ શીઆ તારીખનવીસોની અકસર તારીખી કિતાબોમાં વારિદ થયેલી છે. અમીરૂલ મુમેનીન (અ.સ.) ને ગૈર પહચાનો માઅરેફતની જગા પર આપ (અ.સ.) ની વસીયત મુતાબિક એ સબબથી દફન કરવામાં આવા કે, બનુ ઉમૈયાના હવાખ્વાહ બદમઆશો, બદદીનો અને કાફિરો, યહુદના વારિસો આપને સાથે મુખ્તલિફ જંગોમાં આપના મુકાબલા પર આવા હતા અને આપે તે મલ્ઊનોને વાસિલે જહન્નમ કીધા હતા, તેઓ શાયદ આપનાં જીસ્મે મુબારક સાથે કોઇ બે અદબી ન કરે. તારીખની કિતાબોમાં વારિદ છે કે, અલીયુલ મુરતઝા (અ.સ.) એ આપના દસ્તે મુબારકથી કરીબન દસ હઝાર કુફ્ફારો મુનાફેકીનને કત્લ કરી બાઝ નસ્લે હરામને ઝમીન પરથી મિટાવી હતી.

મરકદે અમીરૂલ મુમેનીન (અ.સ.) અને આપની દફનગાહનું ઇલ્મ અહલે બૈત (અ.સ.) ના ઇમામો અને મખ્સૂસ અસ્હાબો મુખ્લેસીનને અલાવા કોઇને ન્હોતું ! અને માઅલૂમાત હાસિલ થાય પણ કેમ ? હકીકતન આપની કબ્રે અત્હર એક વીરાન રેતીનાં ઢગલામાં ખાકને અંદર મખ્ફી કરવામાં આવી હતી અને તે વાસ્તે કોઇ નશાન યા મઝાર ન્હોતો. આમ લોગોમાં આની ખબર તે વક્ત થઇ કે ૧૭૦ હી. માં અબ્બાસી ખલીફો હારૂન રશીદે હુકુમતની બાગદૌર સંભાલી અને શિકાર કરવાની ગરઝથી તે કુફાનાં એક ઇલાકામાં આવો. હઝરત અમીરૂલ મુમેનીન (અ.સ.) ની જે મૌઝએ મુકદસમાં આરામગાહ હતી તે જગા પર શિકારનાં હરણોએ આવીને પનાહ લીધી. હારૂન રશીદે હરણોનાં શિકાર વાસ્તે બેશુમાર શિકારી કૂતરાઓને દોડાવા અને શિકારી પરિન્દાઓને ઉડાવા પણ તે હરણોને કોઇ નુકસાન ન પહોંચાવી શકા, પણ ઉલ્ટા પાછા ફિરા. અબ્બાસી ખલીફાને આ જોઇને બેહદ તઅજ્જૂબ થયું અને આ રાઝને ફાશ કરવા તેએ તે જગા પર મુકીમ ઝઇફોને તલબ કીધા, જેઓએ શાહિદી આપી કે અમોએ અમારા બુઝુર્ગોને આ જગા પર સર ઝુકાવતા જોએલા છે કેમકે આ જગા મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની મરકદે અન્વર અને મદફને અત્હર છે. હારૂન અબ્બાસીએ તે જગા પર શિકાર ન કીધો અને એક ગુલામ મમ્લૂકની હૈસીયતથી તે જગા પર ઝુકી તાઅઝીમ કીધી અને કબ્રે મૌલાના અલી (અ.સ.) નો તવાફ કરી ઝિયારતથી ફૈઝયાબ થયો. તે બાદ તેએ હુકમ આપો કે આ જગા પર એક રોઝએ મોઅઝઝમા તાઅમીર કરવામાં આવે. તે બાદ એક અઝીમુશ્શાન રોઝા બનાવવામાં આવા અને લોગોએ જગા પર ઝિયારત વાસ્તે આવવા લાગા અને એ ઇહાતામાં પોતાના મૈયતોને દફન કરવા લાગા.

(૧) આ ઇમારત એક લાલ ગુમ્બદની હતી અને ચારે દીવારો અને કબ્રે મુબારક સફેદ ઇંટોથી બનાવવામાં આવી હતી. જેમાં ચારે તરફ ચાર દરવાઝા નસબ કરવામાં આવા હતા.

(૨) અબ્બાસી ખલીફા મોહમ્મદ બિન ઝૈદ હસની તબરિસ્તાનના વાલી હતા, તેઓએ ચાર દીવારો પર ગુમ્બદ જદીદ તૌર પર તાઅમીર કીધા, જે કિલ્આના ઘાટ અને તર્ઝ પર હતા જેમાં સિત્તેર (૭૦) તાકાઓ હતા. આ અબ્બાસી ખલીફાનો દૌરે હુકુમત ૨૭૯ હી. થી ૨૮૯ હી. તક હતો.

(૩) ઉઝદુદ્દૌલાહ બિન રૂકનુદ્દૌલાહ ૩૬૭ હી. માં હુકુમતની બાગદૌર સંભાલી તો ઘણી દૌલત ખર્ચ કરીને એક આલીશાન ઇમારત તાઅમીર કીધી અને રોઝાની તમામ દીવારો પર સાગની લાકડીઓના તખતાઓ જડા અને સફેદ રંગનો ગુમ્બદ તાઅમીર કીધો. આ મૌકા પર તેઓએ વસીયત કીધી કે તેને નજફે અશરફમાં કુબ્બએ અલવીયાહનાં સહેનમાં જ દફન કરવામાં આવે જેની તાઅમીલ કરવામાં આવી અને રોઝાની મગરિબી દિવારનાં આગૌશમાં તેમને દફન કરવામાં આવા.

(૪) ૭૫૫ હી. માં રોઝએ અનવર મોટી આગનાં હાદેસાની ચપેટમાં આવી ગયો અને ઇમારતનો મોટા ભાગનો હિસ્સો તૂટી ગયો જેને ૭૬૦ હી. માં દોબારહ તાઅમીર કરવામાં આવો.

(૫) ૯૧૪ હી. માં શાહ ઇસ્માઇલ સફવી જે ૯૩૦ હી. માં ગુઝરી ગયા તેઓએ તુરબતે અનવરને ઇર્દ ગિર્દ લોખંડની ઝરીહ નસબ કીધી અને હરમમાં પિત્તલ અને કાँચની કિન્દીલો-શમ્અદાનો લટકાવી.

(૬) ૧૦૩૨ હી. માં શાહ અબ્બાસ કબીર જે ૧૦૩૮ હી. માં વફાત થયા તેઓએ રોઝએ અકદસની જદીદ તાઅમીર ફરમાવી અને એના સહનને કુશાદા કીધું.

(૭) ૧૦૪૮ હી. માં શાહ સફી સફવી જેઓ ૧૦૫૨ હી. માં વફાત થયા તેઓએ રોઝાની તાઅમીર શુરૂ કીધી અને તેઓના ફરઝન્દ શાહ અબ્બાસ સફવી સાનીએ એની તકમીલ બાખૂબી કીધી અને ૧૦૭૭ હી. માં વફાત થયા.

(૮) ૧૧૫૪ હી. યા ૧૧૫૬ હી. માં નાદિરશાહ ઇફશારીએ હિન્દુસ્તાન ફતહ કીધા બાદ ખુસૂસી બનાવેલ ઇંટોથી રોઝા મુબારકની મરમ્મત કીધી અને ગુમ્બદ તેમજ મિનારાઓ પર સોનાના પતરા ચઢાવા.

(૯) ૧૨૦૭ હી. માં મોહમ્મદખાં કાચારે, ૧૨૩૨ હી. માં ફત્હઅલી શાહ કાચારે અને ૧૨૮૮ હી. માં નાસેરૂદ્દીન શાહ કાચારે રોઝાની તાઅમીરમાં ઇઝાફો અને ઝીનતમાં બઢોતરી કીધી.

(૧૦) ૧૩૬૧ હી. માં દાઉદી વ્હોરા કૌમના સરબરાહ અને સરપરસ્ત ડો. તાહેર સૈફુદ્દીન સાહબે એક ખુશ્નુમા સોના-ચાંદીની ઝરીહે અન્વર નસબ કીધી.

હાસિલે કલામ હર દૌરો ઝમાનમાં ઇરાકથી મુત્તસિલ, ઇરાનનાં શીઇ મઝહબી બાદશાહો-મસલન-દયાલમા, જલાએરીયા, ઐલખાનીયા, હમ્દાનીયા, સફવીયા અને કાચારિયા ખાનદાનો, સરબરાહો અને નવાબોનાં અહદમાં રોઝએ અન્વરની તાઅમીરો ઝીનતમાં ઇઝાફો થાતો રહ્યો. ચૌદવી સદી હિજરીનાં આખિરમાં એક ઇરાની વેપારીએ પૂરા સોનાનાં દરવાઝા નસબ કીધા અને ઇરાનનાં બાદશાહ મોહમ્મદ રઝાશાહ પહેલવી તરફથી રોઝાની અંદરની દીવારો પર કાँચનાં ટુકડાઓની કારીગીરી કરવામાં આવી અને નીચે મુજબની ઝબાને ફારસીમાં રૂબાઇ તહરીર કરવામાં આવી.

**" ગર્દે હુરમત આઇનાકારી કરદમ,**
**કારે ન સઝાએ શહરયારી કરદમ,**
**તા જલવએ હક્ક બ બીનમ અઝ તલઅતે તૂ ,**
**દર પૈશ રખ્ત આઇનાકારી કરદમ. "**

અલ્લાહતઆલાએ હુઝૂરેઆલી સૈયદના વ મૌલાના તૈયબ ઝીયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) અને માઝૂનદદાઅવત હાતિમ ઝકીય્યુદ્દીન સાહબ (દા.મ.) અને મુકાસિરૂદદાઅવત હુસૈન મોઇનુદ્દીન સાહબ (દા.ઝી.) ને એ અસ્બાબ મોહય્યા કીધા કે જેના સબબ ૧૪૨૦ હી. માં આપ મરતબાના સાહબો અને દીગર પાંચ ઝવ્વારો કરબલાએ મોઅલ્લા, નજફે અશરફ, યમને અત્હર, બયતુલ મુકદ્દસ, મિસરૂલ કાહેરાહ, ઉર્દુન વગૈરા મકામાતે મુકદ્દસાહ અને અતબાતે આલીયાહની ઝિયારતનો શરફ હાસિલ કીધો અને ઇત્તેફાકથી આપ સરવે ૧૩ રજબ, ૧૪૨૦ નાં દિન દાખિલે હરમે મુરતઝવી અલવી થયા. મગરિબની નમાઝનો વક્ત હતો, રોઝા મુબારકામાં સાફ સફાઇના ઊમૂર ચાલતા હોય, અંદરથી બંધ હતા અને રોઝાના મુહાફિઝો ખાદિમો અંદર હતા. હુઝૂરેઆલી આ વક્ત પર બા અસ્હાબ રોઝએ મુનીરા નઝદીક પહોંચા અને તેના ખાદિમોની આપ સાહબના ચેહરએ પુરનૂર અને લિબાસે અન્વર પર નઝર પડી તો એક નાના દરવાઝામાંથી રોઝામાં દાખિલ કરાવા. રોઝા બિલકુલ ખાલી હતા, કોઇ ઝવ્વાર મૌજૂદ નહોતા, અને ફક્ત ખાદિમો જ હતા. તેમાંથી એકે કહ્યું કે જેટલી ઝિયારત, દોઆ, મિન્નતો નઝર અને ઝરીહને બોસો દેવો હોય આપ દઇ લો, પછી જ અમો રોઝા ખોલીશું. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના દાઇએ આલીશાન રોઝામાં બા આહોઝારી અને તઝર્રોએ સાથે દોઆઇયા કલેમાત ગુઝારા અને દિલની તસલ્લી તલક બા ઇત્મેનાન પૂરાં તમક્કુનથી ઝિયારતે શરીફા કીધી અને સલામો તેમજ મરસીયા પઢા અને પોતાની દિલની ઉમ્મીદને તમામ કીધી. અલ્લાહતઆલા તેના દાઇનાં વસીલાથી તમામ મુમેનીનને આ રોઝએ અન્વર કુબ્બએ આલીયાના દીદારે પાક નસીબ કરે. આમીન...★